# શ્રી ભગવાન મહાવીર પરમાત્માનું આપણા જીવનમાં ઉપકારીપણું કેટલું ?

## જૈનો જાગો

લેખાંક : ૩

પરમ કૃપાળુ પરમાત્મા અનંત ઉપકારી, ઉપકારીના અનંત અનંત ઉપકારી એવા તીર્થંકર પરમાત્માને ઉપકારી ભાવે ત્રિકાળ વંદના...

એવા અનંત ઉપકારી તીર્થંકરદેવના આપેલા શાસ્ત્રને અનંત અનંત ઉપકારી ભાવે ત્રિકાળ વંદના...

પાંચમાં આરાના ભરતક્ષેત્રમાં પરમાત્માએ આપેલા શાસ્ત્રનો બાળજીવોને આધાર ન હોય તો કેવી દશા થાત ? એવા તીર્થંકર પરમાત્માના બોધને સમજીને, સ્વીકારીને, આચરણમાં, મુકીને પરમાત્માના અનંત ઉપકારીપણાનો સ્વીકાર કરીએ.

એવા શ્રી તીર્થંકર પરમાત્માએ જે કર્યું અને જે કહ્યું તે આપણા જીવનમાં કેમ ઉતરે તેની વિચારણા કરીએ.

શ્રી પરમાત્મા થકી શાસ્ત્રની રચના થાય છે. શાસ્ત્ર થકી જીવ મોક્ષમાર્ગની અને મોક્ષમાર્ગના ચલાવનારની જાણકારી મેળવે છે અને જીવ સિધ્ધપદને પામે છે. એક જીવ સિધ્ધપદને પામે ત્યારે એક જીવ નિગોદમાંથી નિયમથી બહાર નીકળે. નિગોદમાંથી બહાર નીકળવા માટે સિધ્ધ પરમાત્મા ઉપકારી બને છે. અને એ સિધ્ધપદને પ્રાપ્ત કરવા માટે એ જીવને શાસ્ત્ર અને પરમાત્મા ઉપકારી બને છે. આપણને નિગોદમાંથી નીકળવા માટે પરમાત્મા પરોક્ષ પરમ ઉપકારી બન્યા છે.

**શાસ્ત્રનો સાર :**
**શાસ્ત્રનો આધાર આત્માના કલ્યાણ માટે લેવાનો છે, નહી કે વાદવિવાદ કરવા માટે**

શ્રી પરમાત્માના શાસ્ત્રના આધારે આચાર્ય ભગવંત જ્ઞાની પુરૂષ બને છે. (ઉપકાર પરમાત્માનો, પુરુષાર્થ સાધકનો) એવા શ્રી આચાર્ય ભગવંતના આશ્રયે બાળજીવો વધીને પંદર ભવની મર્યાદાવાળું સમકિત પ્રાપ્ત કરે છે. પ્રત્યક્ષ શ્રી આચાર્ય ભગવાન ઉપકારી, પરોક્ષ શ્રી પરમાત્મા અને શ્રી પરમાત્માના શાસ્ત્ર પરમ ઉપકારી.

કોઈપણ કાળમાં બાળજીવોને શાસ્ત્રની સમજણ હોતી નથી. (મતિજ્ઞાનની અલ્પતા હોવાને કારણે અથવા શાસ્ત્રની ઉપલબ્ધી ન હોવાને કારણે) એવા સમયે ઉપાધ્યાયજી થકી શાસ્ત્રના સારસ્વરૂપ મોક્ષમાર્ગની જાણકારી, મોક્ષમાર્ગમાં ચાલવા માટેના કેવા ગુણો જોઈએ, તેની સમજણ અને કેવા જીવ થકી મોક્ષમાર્ગમાં ચલાય એવી માહિતી ઉપાધ્યાયજી પાસેથી બાળજીવને મળે છે. ને એવો પરમ ઉપકાર બાળજીવ ઉપર ઉપાધ્યાયજી કરે છે. અગર આવી શાસ્ત્રની જાણકારી બાળજીવને ન મળે તો બાળજીવ મોક્ષમાર્ગથી ભ્રમિત થઈને કુગુરૂના સહારે અનંત ભવભ્રમણમાં ભટકી જાય છે. તો એવા પરમ ઉપકારી ઉપાધ્યાયજી અને પરોક્ષ પરમ ઉપકારી પરમાત્મા અને તેના શાસ્ત્ર.

જીવને મોક્ષમાર્ગની જાણકારી લેવા માટે, જાણકારી લીધેલી હોય તો ચાલવા માટે, ને ચાલતા ચાલતા પૂર્ણતાએ (કેવળજ્ઞાન) પહોંચે ત્યાં સુધી સર્વ સમયે મનુષ્ય દેહ જોઈએ. મનુષ્ય દેહ વગર જીવ મોક્ષ પામી ન શકે અને મનુષ્ય દેહ માટે નિમિત્ત સ્વરૂપે માતાપિતા પરમ ઉપકારી છે. માતાપિતાના ઉપકાર વગર જીવ મનુષ્યપણું પામી ન શકે તેથી માતાપિતા પરમ ઉપકારી અને માતાપિતાને મનુષ્યપણું પ્રાપ્ત કરવા માટે પરમાત્મા અને તેના શાસ્ત્રો અનન્ય ઉપકારી. જીવને પ્રત્યક્ષ મોક્ષ માટે માતાપિતા ઉપકારી અને પરોક્ષ પરમાત્મા અને એમના બોધેલા શાસ્ત્રો અનન્ય ઉપકારી.

આવા પરમ અનન્ય ઉપકારી તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરદેવના અત્યારે આપણને મળેલા શાસ્ત્રો અને પરમાત્માએ આપેલું અનન્ય એવું સુક્ષ્મ જ્ઞાન (જગતના અન્ય કોઈપણ ધર્મને મળ્યું ન હોય એવું) જેવું કે મોક્ષના અધિકારી થવા માટે

૧) માર્ગાનુસારીપણું [પાંત્રીસ ગુણો સહીતનું]

૨) આર્ચાય ભગવંતપણું [છત્રીસ ગુણો સહીતનું]

૩) સમકિતપણું, જ્ઞાને કરીને, વિચારે કરીને, અનુભવે કરીને, દ્રષ્ટિપણે, વાણીના લક્ષણે અને શબ્દનો મર્મ પકડવાની રીતે, એવું સમકિતનું શુધ્ધ સ્વરૂપ સમજાવ્યું છે.

૪) ચૌદ ગુણસ્થાનક

૫) ચર્તુવર્ણ સંઘ - ચતુર્વિધ સંઘ

૬) નવકાર મંત્રનું શાશ્વતપણું અને મોક્ષ માટે તેનું અનિવાર્યપણું.

૭) સંવત્સરી : અને તેના પરીણામ સ્વરૂપ ફળપ્રાપ્તિ.

૮) સાતમું ગુણ સ્થાનક અને આઠમાં ગુણ સ્થાનકથી ક્ષેપકશ્રેણી વિષેનું જ્ઞાન.

૯) નિગોદમાંથી લઈને જીવ સિધ્ધપદને પામે ત્યાં સુધીનું જીવોનું સ્વરૂપ. [જીવ વિજ્ઞાન]

આવા પ્રકારની જાણકારી જગતના કોઈપણ અન્ય ધર્મશાસ્ત્રમાં નથી, જે જૈન ધર્મના શાસ્ત્રમાં આપેલી છે અને આવા જ્ઞાનને કારણે શ્રી તીર્થંકર પરમાત્મા વિતરાગ અને સર્વજ્ઞ હતા તે સિધ્ધ થાય છે.

આવા મહાન શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકારીપણાનો આદરભાવે કેવી રીતે ઉપકાર સ્વીકારવો ? અને ઉપકારી ભાવ સહીત જીનેશ્વર પરમાત્માની કેવી રીતે ભક્તિ કરવી ?

**"એક લક્ષ, અનન્ય ભક્તિ અને નિરંતર ભક્તિ"**

પરમાત્માની શાશ્વતી પૂજા અભિષેક પૂજા છે. પરમાત્માને જન્મથી ત્રણ જ્ઞાન સાથે હોય છે. [મતિજ્ઞાન, શ્રૃતજ્ઞાન, અવધિજ્ઞાન] અને પરમાત્માને ઈન્દ્રો સદેહે મેરૂ પર્વત પર લઈ જઈને અભિષેક કરીને ભક્તિભાવથી પૂજા-અર્ચના કરે છે.

જીવને કોઈપણ કાળે અને કોઈપણ ક્ષેત્રે જળ અને દુધ ઉપલબ્ધ હોય છે. બાકીના દ્રવ્યો દેશકાળ પ્રમાણે બદલાય છે. તો આપણે પરમાત્માની શાશ્વતી રીતે જીનેશ્વરની ભક્તિ કરવી હોય તો દુધ અને પાણીનો અભિષેક (પ્રક્ષાલ પુજા) કરવો જરૂરી છે. અને જીવ એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીની ભવભવાંતરની મુખ્ય સંજ્ઞાઓ [આહાર સંજ્ઞા, નિંદ્રા સજ્ઞા, મૈથુન સંજ્ઞા] છોડીને જીવ પરમાત્માની ભક્તિ કરે તો ઉપકારીપણાનો ભાવ ધારણ કર્યો ગણાય.

**સંવત્સરી**
**"તિથીનું ફળ કે શ્રધ્ધાનું ફળ"**

આવી ભવભવાંતરની સંજ્ઞાઓ છોડીને જીવ જ્યારે પરમાત્માની ભક્તિ કરે તો મોક્ષમાર્ગની જરૂરીયાતવાળો ગુણ, મતિજ્ઞાનની નિર્મળતા પ્રગટાવવા જીવને સહાયરૂપ થાય છે.

**જીવે અત્યાર સુધી મતિજ્ઞાનની તીક્ષ્ણતા વધારવાના ઉપાયો ગોત્યાં, પણ મતિજ્ઞાનની નિર્મળતા વધારવા તરફ લક્ષ આપ્યું નથી.**

મતિજ્ઞાનની તિક્ષ્ણતા થકી જીવ શાસ્ત્રના, સુત્રોના અર્થઘટનો કરી શકે છે, શાસ્ત્રસંબંધી વિવાદ કરી શકે છે, પણ જો મતિજ્ઞાનની નિર્મળતા પ્રગટે તો જીવ શાસ્ત્રના સુત્રોનો સાર પામી શકે અને તેનો મર્મ જાણી શકે એવી મતિજ્ઞાનની નિર્મળતાની લબ્ધી પ્રગટ થાય છે.

**"વિપર્યાસ બુધ્ધિ અનંત ભવભ્રમણનું કારણ અને નિર્મળ બુધ્ધિ અલ્પભવનું કારણ"**

ભરતક્ષેત્રના પાંચમાં આરામાં પરમાત્માએ ફક્ત કેવળજ્ઞાનનો નિષેધ કરેલ છે, કાળદોષના કારણે. બાકીના ચાર જ્ઞાન : મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પાંચમાં આરાના અંત સુધી પ્રકાશીત થઈ શકે છે. અને તેના કારણે મોક્ષમાર્ગ પાંચમાં આરાના અંત સુધી ખુલ્લો છે. અને જીવો એક ભવે મોક્ષે જાય એવા જીવો થશે.

જીવ પુરૂષાર્થ કરે તો જૈનકુળમાં માર્ગાનુસારીપણું સહજ સ્વરૂપે પ્રાપ્ત કરી શકે છે.

સમકિત, ક્ષાયિક સમકિત અને એક અવતારીપણું જીવ જ્ઞાનીના આશ્રયે જૈનકુળમાં સહજ રીતે પામી શકે છે, એવું જૈનકુળનું શ્રેષ્ઠપણું છે.

આપણે વ્યવહારે કહીએ છીએ કે જૈનકુળમાં જન્મ્યા એટલે દ્રવ્યે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કર્યું, સાધુ સંપ્રદાયમાં પ્રવેશ કર્યો એટલે દ્રવ્યથી સમકિતપણું માનીએ છીએ. આપણે વ્યવહારથી કહીએ છીએ કે અનંતવાર જૈન કુળ મળ્યું, અનંતવાર સાધુપણું ધારણ કર્યું, તો પછી દ્રવ્યમાંથી ભાવમાં કેમ ન આવ્યાં ? ભાવમાં ક્યારેય જીવ યોગાનુયોગ આવતો નથી. સમજણપૂર્વકનો સાચો પુરૂષાર્થ કરવાની ટેવ પાડવી પડે અને ટેવને સ્વભાવમાં લાવવી પડે તો જીવ દ્રવ્યમાંથી ભાવમાં આવી શકે.

**આપણે અનંત ભવભ્રમણથી ટેવો પાડી છે, જેવી કે :**

૧) જીવે અનંત ભવભ્રમણથી દેહ કે નામનું મમત્વભાવ સ્થાપીને શુભ કાર્યો અને અશુભ કાર્યો કર્યા.

૨) જીવે રાગ અને દ્વેષના દ્રવ્યો બદલ્યાં પણ રાગદ્વેષથી છુટવાનો ઉપાય ગોત્યો નહીં [અનુકૂળતાએ રાગ અને પ્રતિકૂળતાએ દ્વેષ]

૩) જીવે અનંત ભવથી સુખ મેળવવાની લાલસા અને દુઃખ ટાળવાના ઉપાયો ગોત્યાં પણ દુઃખને સ્વીકાર્યું નહીં.

૪) કોઈપણ કાર્યમાં બુધ્ધિને દોડાવી અને નિષ્ફળતાએ પરમાત્માને દોષ દેવો.

૫) નિમિત્તને દોષ દેવાની ટેવ.

આવી જીવને અનંત ભવભ્રમણથી ટેવ પડી ગઈ છે, સ્વભાવ બની ગયો છે. આવા સ્વભાવને વિભાવમાં મુકવા યોગાનુયોગથી ન બને, સાચા પુરૂષાર્થથી અને સાચી સમજણથી જીવ ભાવે મોક્ષમાર્ગમાં આવી શકે.

**પરમાત્માના ઉપકારીભાવને હૃદયકમળમાં સાચા મન, વચન અને કાયાથી સ્થાપન કરવું હોય તો પરમાત્માએ આપેલા નવ તત્વો અને એને અનુરૂપ પ્રધાન વાક્યોને હંમેશા સ્મરણમાં રાખવા જેવા કે**

- સર્વ દુઃખોનું મુળ ઈચ્છા [સર્વ ઈચ્છાથી રહીત થવું]
- આત્મા જાણ્યો તેણે જગત જાણ્યું, જગત જાણ્યું તેણે આત્મા જાણ્યો [જ્ઞાનીઓએ આત્મા જાણ્યો તો જગતનું સ્વરૂપ જાણ્યું અને બાળજીવોને જગતનું સ્વરૂપ બતાવી તે આત્મા તરફ વાળે છે અથવા આત્માની ઓળખાણ કરાવે છે.]
- દેહ અને નામનું જીવને મમત્વ ન હોય તો મોક્ષ સહજ છે. [જીવનું અનંત ભવભ્રમણનું કારણ દેહાત્મબુધ્ધિ અને નામનું મમત્વપણું]
- આહારનું ઉણોદરી તપ [ભુખ પણ હોય અને ભાવતો આહાર પણ હોય છતાં ત્યાગવું એને રસેન્દ્રિયનો ત્યાગ કહેલ છે.]
- અનેકાંતવાદ [મતભેદ હોય ત્યાં સામેવાળાને મનાવવા, નહી કે નમાવવા, ન માને તો સ્વીકારવું]
- સત્ય ગમે તેટલું બળવાન હોય પણ જો સામેવાળાને દુઃખ પહોંચે તો પરમાત્માએ તેને સુક્ષ્મ હિંસા કહી છે.
- જે જગ્યાએ અપ્રિય થાય ત્યાં આગળ રહેવું નહીં.

આવા પ્રકારે શ્રી પરમાત્માદેવે અનંત ઉપકાર આપણી ઉપર કર્યા છે. તો આવા ઉપકારનો બદલો અપકારથી ન વળાય તેવો ઉપયોગ સર્વ જીવોએ સહજ રીતે રાખવો જોઈએ.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.